# ડીસા પાલિકા પ્રમુખે ક્લોરીનેશનમાં બેદરકારી દાખવનાર બે બોર ઓપરેટરને સસ્પેન્ડ કર્યા

ડીસા, તા.૧૬

ડીસા નગરપાલિકાને તાજેતરમાં જ ૧-૭-૨૦૧૩ના રોજ અર્બન હેલ્થ ઓફિસરે નોટીસ પાઠવી જાહેર કરેલ કે સમગ્ર શહેરને પીવાનું પાણી પુરું પાડતા ૧૪ બોરમાં ક્લોરીનેશન થતું નથી એટલે લોકો અશુદ્ધ પાણી પીએ છે. જેથી ચોમાસાના સમયમાં લોકો રોગનો ભોગ બની શકે છે અને તેના પગલે પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલે જાતે શહેરના તમામ ૧૪ બોર પર ચેકિંગ હાથ ધર્યું હતું. બોર ઓપરેટરોને પ્રતિદિન નિયમિત ક્લોરીનેશન કરવા કડકાઈએ સુચના આપી હતી. જો કે તાજેતરમાં જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીએ ડીસાના કૈલાશનગરના બોરનું પુનઃ ચેકિંગ હાથ ધરતા બોર ઓપરેટરોની ક્લોરીનેશન મામલે બેદરકારી બહાર આવી હતી. આ ગંભીર બેદરકારીની પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલે નોંધ લઈ દોષિત બે બોર ઓપરેટરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરતા પાલિકામાં ખળભળાટ મચેલ છે.

તાજેતરમાં ડીસાના અર્બન હેલ્થ ઓફિસર દ્વારા એક આરોગ્ય લક્ષી ચકાસણી હાથ ધરાઈ અને રોગચાળો ફેલાવાનું મુખ્ય કારણ પાણી જન્ય રોગ અટકાવવા એક સર્વે અને ચેકિંગના ભાગ રૂપ સમગ્ર શહેરને પીવાનું પાણી પુરું પાડતા ૧૪ બોરમાં ક્લોરીનેશન થાય છે કે નહિ તેની જાત તપાસ હાથ ધરાઈ હતી. જેમાં ચોંકાવનારી એવી બાબત બહાર આવેલ કે આ તમામ ૧૪ બોરમાં ક્લોરીનેશનના સાધનો ખૂળ ખાય છે અને ક્લોરીનેશનની કામગીરી થતી નથી જે બાદ આ ગંભીર પ્રકારની ગફલત દાખવનાર પાલિકા ચીફ ઓફિસરને અર્બન હેલ્થ વિભાગે તા. ૧-૭-૨૦૧૩ના રોજ એક નોટીસ ઈશ્યુ કરી હતી અને રોગચાળાનું પ્રમાણ ચોમાસામાં વધવાની શકયતા હોઈ ક્લોરીનેશન પ્લાન્ટ તાત્કાલિક શરુ કરવા તાકીદ કરી હતી જયારે પાલિકા પ્રમુખ ડો. તેજલબેન પટેલે આ બેદરકારી મામલે પીવાના પાણીના બોરનું ક્લોરીનેશન કરવા કડકાઈએ આદેશો જાહેર કર્યા હતા અને જણાવ્યું હતું કે જે કોઈ કર્મચારી ફરજ પ્રત્યે ગફલત કરશે તેની સામે કડકાઈથી પગલા લેવાશે. નગરજનોની કોઈ પણ ફરિયાદને તે ન્યાય આપશે તેવું તેમણે જણાવ્યું હતું. અને તે બાદ તાજેતરમાં જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડીસા દોડી આવ્યા હતા અને શહેરના કૈલાશનગર, શિવનગર સહિતના વિવિધ બોરોની ચકાસણી હાથ ધરી હતી જેમાં કૈલાસનગરના બોરમાં બોર ઓપરેટરે ગફલત દાખવી નિયમિત ક્લોરીનેશન કરતા ન હોઈ તે મતલબના અહેવાલો મળ્યા હતા જેને ગંભીરતાથી લઈ પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલે કૈલાશનગરના બોર ઓપરેટર દશરથભાઈ અને નિકુંજભાઈને બેદરકારી બદલ સસ્પેન્ડ કરેલ છે. જેનાથી ફરજમાં બેદરકારી દાખવનાર પાલિકા કર્મચારી ગણમાં ફફડાટ ફેલાયો હતો.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

## દાંતીવાડા ગામમાં ગંદકીનું સામ્રાજ્ય

દાંતીવાડા ગામમાં શેરીએ શેરીએ ચોમાસાના પાણીનું રોકાણ થતા ભારે કાદવ-કિચડ થઈ રહ્યો છે. પરિણામે શાળા અને કોલેજ જતા બાળકો અને ગ્રામજનોને કાદવ-કિચડમાં ફરજીયાત ચાલીને જવા માટે મજબુર બનવુ પડે છે. આથી નાગરિકો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને તંત્ર સમક્ષ ભારે રોષ વ્યક્ત કર્યો છે. દાંતીવાડા તાલુકાના દાંતીવાડા ગામમાં કરોડો રૂપિયાના ખર્ચે ગટરલાઈન બનાવવામાં આવી છે. છતાં બારોટ વાસની શેરીએ પ્રથમ વરસાદથી જે પાણીથી કાદવ કિચડ થયો હતો તે આજ સુધી યથાવત છે અને દિનપ્રતિદિન વાહનો ચલાવાથી કિચડ વધુ થઈ રહ્યો છે. જેથી કરી લોકોને રસ્તે ચાલવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગામના મુખ્ય માર્ગથી અંદર પ્રવેશવાની સાથેજ આંગણવાડીમાં ગામના નાના ભુલકાઓ ભણવા માટે મુકવા જવા માટે કાદવમાં ચાલીને જવું પડે છે. જ્યારે પાસેની મુસ્લિમ શેરીમાં પણ આજ પ્રકારની પરિસ્થિતિ જોવા મળી રહી છે. ઠેર ઠેર પાણી ભરાતા અને કાદવ-કિચડથી ગંદકીનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે. આથી મચ્છરોનો ઉપદ્રવ પણ થઈ રહ્યો છે. આ સંદર્ભે ગ્રામજનો દ્વારા અનેક રજૂઆત તંત્ર સમક્ષ કરી છે. તેમ છતાં તંત્રના અધિકારીઓ કોઈપણ પ્રકારની ઘટતી કાર્યવાહી કરતા નથી. આથી ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. અને તંત્ર સત્વરે સાફ સફાઈ કરાવે તેવી માંગણી કરી રહ્યા છે.

(તસવીર : હરેશ જોશી, પાલનપુર)



## પાલનપુરના માનસરોવર તળાવમાંથી મહિલાનો મૃતદેહ મળતા ચકચાર

પાલનપુરના માનસરોવરમાં સપ્તાહ અગાઉ જ પિતા પુત્રનું ડુબી જવાથી મોત થયાની શાહી હજુ સુધી સુકાઈ નથી ત્યાં ગતરોજ એક આધેડ મહિલાનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. પલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના માન સરોવરમાં મહિલાનો મૃતદેહ પડયો હોવાની જાણ પોલીસ અને પાલિકા તંત્રને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક તરવૈયાઓએ મહિલાના મૃતદેહને બહાર કાઢયો હતો. પોલિસની પ્રાથમિક તપાસમાં મરણજનાર મહિલા સોનીબેન રામપ્રસાદ સોલંકી રહે. સવાઈ માધોપુર (રાજસ્થાન) ઉ.૪૫ હોવાનું જાણવા મળ્યું હતું. આ મહિલાના મૃતદેહના માથાના ભાગે કોઈ ઈજાના નિશાન હોવાનું પણ જાણવા મળ્યું હતું. પરિણામે હત્યા કે આત્મહત્યા અંગે ઘુંટાતું રહસ્ય હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

## પ્રાંતિજ હાઈવે રોડ પર ડીઝલ ચોરતી ગેંગ સક્રિય

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈએ પર રાત્રીના સમયે અમદાવાદ-હિંમતનગર તરફ જઈ રહેલ ટ્રકને પંચર પડતા બાજુમાં સ્થિત સર્વિસ રોડ ઉપર ટ્રક ઉભી કરીને ટ્રકચાલક ટ્રકની્ દર સુઈ ગયો. આ સમય દરમ્યાન ડીઝલની ટેન્કમાંથી ડીઝલ ચોર ચોરી ગયા હતા.

પ્રાંતિજ નેશનલ હાઈવે રોડ પાસે રાત્રીના સમયે રોડ પરથી પસાર થતી ટ્રકના બન્ને ટાયરમાં પંચર પડતા ટ્રકચાલકે ટ્રકને બાજુમાં આવેલા સર્વિસ રોડ ઉપર ઉભી કરી ડ્રાઈવર અંદર જ સુઈ ગયો હતો. તે સમયે અંધારાનો લાભ લઈ કોઈ અજાણ્યા ડીઝલ ચોરો દ્વારા ડીઝલ ટેંકનું તાળુ તોડી અંદરથી અંદાજીત ૫૫૦૦ની રકમનું ડીઝલ ચોરો ચોરી ગયા હતા. સવારે ડ્રાઈવરે ઉઠીને ટાયર બાજુ નજર કરતા ખબર પડી કે ડીઝલ ટેંકનું તાળુ નીચે પડેલુ અને ઢાંકળુ પણ ખુલ્લુ હતુ. જેથી ડ્રાઈવરને ખબર પડી કે રાત્રીના સમયે ડીઝલ ચોરતી ટોળકી દ્વારા ડીઝલ ચોરી થઈ ગયુ હોય તેમ લાગ્યુ હતુ. આ મામલાના સંદર્ભે સમગ્ર પંથકમાં વાયુવેગે પ્રસરી ગઈ હતી.

## તલોદના સાંઈ સાગર સેવા કેન્દ્ર દ્વારા વ્રત નિમિત્તે ડ્રાયફ્રૂટનું વિતરણ

તલોદ, તા. ૧૬

તલોદના સાંઈ સાગર સેવા કેન્દ્ર દ્વારા સમયાંતરે અનેક વિવિધ સેવાકીય કાર્યો કરી રહ્યું છે. જેમાં ગુરૂવારના રોજથી પ્રારંભ થતા ગૌરીવ્રત નિમિત્તે નાની બાલિકાઓને નજીવી કિંમતે ૭૦૦ ગ્રામ વજનના ડ્રાયફ્રૂટનું વિતરણ આ સેવા કેન્દ્ર ઉપરથી થઈ રહ્યું છે. કાજુ, બદામ, દ્રાક્ષ, અંજીર, જલદારૂ તથા ખારેકનું ફરારી પેકેટ તૈયાર કરી વ્રતના પ્રારંભે જ એક બાલીકાને એક પેકેટના ધોરણસર વિતરણ કરી હિન્દુ સંસ્કૃતિના વારસાને નિરંતર રાખવા પોતાનું યોગદાન આ સેવા કેન્દ્ર આપી રહ્યું છે. મંગળ, બુધ, ગુરૂવારના રોજ સેવા કેન્દ્રની ઓફિસ, મુખ્ય પોસ્ટ ઓફિસ સામે વિતરણ શરૂ કરાયું હોવાનું સેવા કેન્દ્રના રાજુભાઈ રાવલે જણાવ્યું હતું. શૈલેષભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, પ્રજ્ઞેશભાઈ પટેલ, કુંતલ રાઠોડ અને દિપકભાઈ જયસ્વાલ અને પ્રકાશ જયસ્વાલે ભારે જહેમત ઉઠાવી હતી.

## પ્રાંતિજના સલાલ પાસે અકસ્માતમાં બાઈકસવારનું મોત

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજ નજીક આવેલ સલાલ પાસે સોનાસણ ચોકડી ઉપર સલાલ ગામનો રહિશ પોતાની બાઈક લઈને ગતરાત્રીએ રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે અચાનક આવી ચડેલા અજાણ્યા વાહને પાછળથી જોરદાર ટક્કર મારતા બાઈકચાલક યુવાન નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને યુવાનનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. બનાવની ફરિયાદ પ્રાંતિજ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ સલાલ ગામના મનોજભાઈ કાળાભાઈ વણકર ગત મોડી રાત્રે પોતાની બાઈક નંબર જીજે-૯-સી.બી.-૪૩૨૨ લઈને સોનાસણ ચોકડી ઉપર રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક પુર ઝડપે આવી ગયેલા અજાણ્યા વાહને બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી અકસ્માત સરજ્યો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા બાઈક ચાલક મનોજભાઈનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ઘટના અંગે મૂળજીભાઈ રણછોડભાઈ વણકરે આજરોજ પ્રાંતિજ પોલીસમથકે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## તલોદ શહેર સંગઠનની રચના કરાઈ

સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજ ભાઈ પટેલે તલોદ શહેર ભાજપના સંગઠનની રચના કરી છે. જેમાં પ્રમુખ તરીકે શિવાભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે જયેશભાઈ પટેલ, રામગોપાલ શાહ, વિનુભાઈ ચૌહાણ, બાબુભાઈ પટેલ, પરબતસિંહ ઝાલા, મહામંત્રી તરીકે દિપકકુમાર શાહ, હસમુખભાઈ પંચાલ તથા મંત્રી તરીકે રેખાબેન ભાટ, બીનાબેન વ્યાસ, ગુણવંતલાલ શાહ, રમેશભાઈ વણકર, જગદીશ પ્રજાપતિ, જવરીબેન દેવીપૂજક તથા કોષાધ્યક્ષ તરીકે કિર્તીકુમાર શાહની વરણી કરાઈ છે. તલોદના ભાજપના કાર્યકરોએ આ તમામ વરણીને આવકારી હોદેદારોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## માહિતી વિભાગ દ્વારા દાંતીવાડા ખાતે મિડીયા સેમિનાર યોજાયો

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે સરદાર કૃષિ યુનિવર્સિટીના પરિસરમાં પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ તથા જિલ્લા માહિતી કચેરી પાલનપુર, પાટણ અને મહેસાણાના સંયુક્ત ઉપક્રમે માસ કોમ્યુનિકેશન અંતર્ગત પત્રકારત્વની બદલાતી ભૂમિકા વિષયક મિડીયા સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે પ્રસિદ્ધ ચિત્રલેખા મેગેઝીનના અમદાવાદના બ્યુરો ચીફ શ્રી કેતનભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે વિશ્વસનીય, તટસ્થ અને હકારાત્મક પત્રકારત્વ વડે દેશ અને સમાજની મોટી સેવા કરી શકાય છે. તેમણે કહ્યું કે પત્રકારત્વ જગતમાં તટસ્થ રીતે હકારાત્મક અભિગમ સાથે પેન અને કેમેરા કામ કરે ત્યારે એનું સુંદર પરિણામ મળે છે. તેમણે કહ્યું કે વિકાસ અને આદર્શ સમાજના નિર્માણમાં પત્રકારત્વનું ઘણું મહત્વ છે. શ્રી ત્રિવેદીએ કહ્યું કે મિડીયા ઉપર લોકોને વિશ્વાસ હોય છે તથા મિડીયામાં લોકોને રસ પણ હોયછે. આથી પત્રકારત્વ વડે સમાજનો દષ્ટીકોણ પણ બદલી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે પત્રકારત્વ ક્ષેત્રમાં કમિટમેન્ટ ખુબ જરૂરી છે. દેશ અને સમાજ સેવાના ધ્યેય સાથે આ ક્ષેત્રમાં કામ કરવાથી વિશાળ જનસમુદાયને ઉપયોગી બની શકાય છે. શ્રી કેતનભાઈ ત્રિવેદીએ વિવિધ ઉદાહરણો આપીને પત્રકારની ભૂમિકા વધુ સ્પષ્ટ જણાવી હતી.



ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના પ્રાધ્યાપક ડૉ. પુનિતાબેન હરણેએ જણાવ્યું હતું કે રાજ્ય કે દેશના વિકાસમાં મિડીયાનું યોગદાન બહુ મહત્વું છે. તેમણે કૃષિ અને ગ્રામીણ પત્રકારત્વ વિશે વિસ્તૃત છણાવટ કરતાં જણાવ્યું હતું કે આ ક્ષેત્રોમાં ઘણી સરસ અને લોક ઉપયોગી સ્ટોરી હોય છે. તેને પ્રસિદ્ધ કરવાથી ઘણાને પ્રેરણા મળે છે. ડૉ. પુનીતાબેને જણાવ્યું હતુ કે સારૂ કરવાની ઈચ્છાશક્તિ સાથે ધ્યેય રાખીને જ કામ કરીએ તો તેનું પરિણામ સારૂ જ મળે છે. તેમણે ઉમેર્યુ કે આ ક્ષેત્ર દ્વારા લોકોને ઉપયોગી કે મદદરૂપ થવાની તક મળે છે. તેમણે કહ્યું કે લોકોને પ્રેરણા પુરી પાડવાનું કામ તથા જાગૃત બનાવવાનું કામ મિડીયા બહુ સારી રીતે કરી શકે છે. તેમણે વિવિધ ઉદાહરણો આપીને પત્રકારત્વ ક્ષેત્રને વધુ વિશ્વસનીય અને વધુ ઉપયોગી કેવી રીતે બનાવી શકાય તેની સારી જાણકારી આપી હતી.

રખેવાળ દૈનિકના તંત્રીશ્રી તરૂણભાઈ શેઠે પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે ટેકનોલોજીના વિકાસને કારણે મિડીયા ક્ષેત્ર હવે સુવિધાભર્યુ અને સરળ બન્યું છે. ત્યારે હકારાત્મક પત્રકારત્વ વધુ સારી રીતે કરવા કાળજી રાખીને કામ કરવાથી વિશાળ જનસમુદાયને ઉપયોગી બની શકાય છે.

પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના નાયબ માહિતી નિયામકશ્રી કે.એન. ભગોરાએ જણાવ્યું હતું કે રચનાત્મક પત્રકારત્વથી સમાજને ઉપયોગી બની શકાય છે. તેમજ પત્રકારત્વ ક્ષેત્ર ઉપર લોકોનો વિશ્વાસ જળવાય છે.

સહાયક માહિતી નિયામકશ્રી અભય રાવલે જણાવ્યું હતું કે માહિતી ખાતા દ્વારા માસ કોમ્યુનિકેશન અંતર્ગત આવા કાર્યક્રમો યોજીને પત્રકારત્વ ક્ષેત્રને વધુ વિશ્વસનીય બનાવવા તથા લોકોને ઉપયોગી બનવાનો આશય છે. અભય રાવલે કહ્યું કે પત્રકારત્વ ક્ષેત્રની આગવી પ્રતિષ્ઠા અને સન્માનજનક સ્થાન છે. શ્રી રાવલે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૭૧ | ૯૪૦ |
| એરંડા | ૬૯૮ | ૭૦૭ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૫ |
| બાજરી | ૨૪૦ | ૨૯૨ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૦૩ |
| જુવાર | ૩૨૫ | ૩૬૦ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૧૦ | ૮૯૦ |
| ઘઉં | ૩૨૦ | ૩૪૫ |
| બાજરી | ૨૨૫ | ૨૫૫ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૧૦ | ૩૪૫ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૧૮ | ૩૪૫ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૨૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૬૯૬ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૨૩૦ | ૩૫૦ |
| ગવાર | ૯૦૦ | ૧૩૬૭ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૦ | ૩૧૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૫ | ૩૫૦ |
| મકાઈ | ૨૯૪ | ૩૦૫ |
| એરંડા | ૬૯૦ | ૬૯૪ |
| મગફળી | ૭૫૦ | ૯૦૦ |
| મગ | ૮૦૦ | ૯૦૦ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૬ |
| બાજરી | ૨૩૦ | ૨૮૧ |
| મકાઈ | ૨૭૫ | ૩૦૧ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૫ |
| મગફળી | ૫૫૦ | ૯૪૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૮૦ |
| જુવાર | ૨૪૧ | ૩૬૫ |
| મગ | ૬૫૦ | ૮૬૫ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૦ |
| મગફળી | ૭૫૦ | ૮૫૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૮૬ |
| ઘઉં | ૩૨૦ | ૩૨૪ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૯૦ | ૬૯૭ |
| ગવાર | ૧૧૦૨ | ૧૨૯૨ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૫ |
| જુવાર | ૩૧૦ | ૩૭૧ |
| રાયડો | ૫૩૦ | ૫૯૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૮૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૮૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૯૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૨૯૦ | ૩૬૫ |
| રાયડો | ૫૨૫ | ૫૮૫ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૮૯૧ |
| એરંડા | ૭૩૦ | ૮૦૮ |
| મગ | ૮૦૦ | ૮૩૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૭૨ |
| બાજરી | ૨૫૦ | ૨૭૧ |
| મકાઈ | ૨૬૫ | ૩૦૦ |
| ચણા | ૫૭૦ | ૬૧૬ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૮૦ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૭૦ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૩ |
| એરંડા | ૬૯૦ | ૭૦૪ |
| બાજરી | ૨૫૦ | ૨૬૬ |
| મગફળી | ૭૦૦ | ૯૦૭ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૫૨ |
| જુવાર | ૩૫૦ | ૪૦૦ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૨૭ |
| જુવાર | ૨૯૦ | ૩૨૨ |
| ડાંગર | ૨૫૦ | ૩૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| બંટી | ૩૩૭ | ૩૭૭ |
| ગવાર | ૧૧૭૭ | ૧૪૦૧ |
| એરંડા | ૬૯૦ | ૬૯૬ |
| રાયડો | ૫૯૬ | ૫૯૭ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૬૨૬ |
| અસાળીયો | ૬૭૬ | ૬૮૧ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| જવ | ૨૬૦ | - |
| રાયડો | ૫૪૦ | ૬૧૯ |
| એરંડા | ૬૬૬ | ૭૧૩ |
| ગવાર | ૧૨૦૦ | ૧૪૭૧ |
| ઘઉં | ૨૮૦ | ૩૬૦ |
| બાજરી | ૧૫૦ | ૨૮૫ |
| જુવાર | ૩૦૦ | ૬૧૮ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૫૧ |
| બાજરી | ૨૦૦ | ૩૦૦ |
| રાયડો | ૫૫૦ | ૬૧૨ |
| એરંડા | ૬૮૫ | ૭૧૩ |
| જુવાર | ૧૮૦ | ૫૩૦ |
| તલ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| જવ | ૨૫૦ | ૨૫૫ |
| મેથી | ૫૦૦ | - |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૮૦ |
| રજકાના બી | ૧૨૦૦ | ૨૩૦૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જવ | ૨૭૦ | - |
| જુવાર | ૩૮૪ | ૩૯૦ |
| ઘઉં | ૨૯૧ | ૩૭૭ |
| જીરૂ | ૨૨૭૧ | ૨૫૧૨ |
| રાયડો | ૫૧૦ | ૬૦૧ |
| વરીયાળી | ૯૨૬ | - |
| બાજરી | ૨૩૩ | ૨૯૧ |
| એરંડા | ૬૭૦ | ૭૦૫ |
| અજમો | ૬૦૭ | ૧૦૫૦ |
| ગવાર | ૧૧૫૯ | ૧૩૫૮ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૩૫ |
| બાજરી | ૨૨૫ | ૨૮૭ |
| રાયડો | ૫૯૬ | - |
| એરંડા | ૬૮૧ | ૬૯૨ |
| ગવાર | ૧૦૯૫ | ૧૩૫૪ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૭૦ | ૩૩૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૭ |
| રાયડો | ૫૯૩ | ૫૯૫ |
| બાજરી | ૨૦૫ | ૨૫૫૫ |
| ગવાર | ૧૧૩૩ | ૧૩૯૦ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૧૮ |
| એરંડા | ૬૭૦ | ૭૦૩ |
| સાસટો | ૨૭૦ | ૩૬૭ |
| બાજરી | ૨૩૪ | ૨૬૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૬૫ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૭૦ |
| અડદ | ૪૫૦ | ૬૦૧ |
| ચણા | ૫૫૦ | ૬૧૦ |
| જીરૂ | ૨૩૦૦ | ૨૭૦૦ |
| સવા | ૬૦૦ | ૭૦૮ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૩૪૦ |
| એરંડા | ૬૮૭ | ૭૦૧ |
| બાજરી | ૨૧૦ | ૨૭૫ |
| રાયડો | ૫૮૫ | - |
| ડાંગર | ૨૭૦ | ૩૬૫ |
| ગવાર | ૧૪૦૦ | ૧૪૦૨ |
| જુવાર | ૩૨૦ | ૩૮૫ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૯૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૦ |
| ગવાર | ૧૦૦ | ૧૨૮૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૫૦ | ૨૪૩૫ |
| વરીયાળી | ૭૬૦ | ૧૩૯૦ |
| રાયડો | ૫૬૦ | ૬૩૩ |
| એરંડા | ૬૬૦ | ૭૧૨ |
| ઘઉં | ૨૯૦ | ૩૭૦ |
| જુવાર | ૨૫૦ | ૩૪૬ |
| બાજરી | ૨૨૦ | ૨૭૬ |
| ગવાર | ૧૧૫૧ | ૧૩૭૬ |
| મેથી | ૫૦૫ | ૫૮૦ |
| બંટી | ૩૬૦ | ૩૭૨ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૫૦ | ૨૮૩૮ |
| વરીયાળી | ૮૨૫ | ૨૦૫૫ |
| ઈસબગુલ | ૧૧૬૮ | ૧૩૮૫ |
| રાયડો | ૬૦૦ | ૬૨૫ |
| મેથી | ૫૩૪ | ૫૩૭ |
| તલ | ૧૮૫૫ | ૨૦૮૧ |
| અજમો | ૮૫૧ | - |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601